J. J. C. EDUCATION TRUST SANCHALIT COMMERCE / BBA COLLEGE
BILKHA ROAD JUNAGADH.
Phone: 0285- 2626280
Website: www.jjcet.edu.in, e-mail: jjcetcc@yahoo.co.in

Ref./Out. No. ૩૪૨/૨૦૨૪ Date : 01-01-2024

પ્રતિ,
શ્રીમાન આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

.......................................,

વિષય :– ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.–જૂનાગઢ આંતર કોલેજ સાયકલીગ (ભાઈઓ–બહેનો) સ્પર્ધા બાબત...

આદરણીય સાહેશ્રી,
સવિનય જણાવવાનું કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.–જૂનાગઢ આયોજીત આંતર કોલેજ સાયકલીગ (ભાઈઓ–બહેનો) ની સ્પર્ધાનું સંચાલનકરવાની જવાબદારી અમારી કોલેજને સોપવામાં આવેલ છે. જેનુ સમયપત્રક નીચે મુજબ છે. તો ભાગ લેવા માગતી કોલેજે સમયપત્રક મુજબ સમયસર કોલેજ પર હાજર રહેવું.

| સ્પર્ધાનું નામ | સ્પર્ધા તારીખ | સ્પર્ધા સમય | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|
| સાયકલીગ (ભાઈઓ–બહેનો) | ૧૦/૦૧/૨૦૨૪ (બુધવાર) | સવારે ૬:૩૦ કલાકે | શ્રી જે.જે.સી.કોમર્સ કોલેજ, બિલખા રોડ, જૂનાગઢ. ૩૬૨૦૦૧ |

**જરૂરી સુચનાઃ–**

(૧) ભાગ લેનાર કોલેજોએ એલીજીબીલીટી ફોર્મમાં ચોંટાડેલ ફોટા પર સહિ સિક્કા કરાવવા.
(૨) સ્કુલ લીવિંગ સર્ટીની તથા ધોરણ ૧૨ની માર્કશીટની ઝેરોક્ષ કોપી તેમજ વધારાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અને છેલ્લા સેમેસ્ટરની માર્કશીટની ઝેરોક્ષ કોપી પણ ફોર્મ સાથે જોડવી.
(૩) અનુસ્નાતક ભવનમાં અભ્યાસ કરતા ખેલાડીઓએ એલીજીબીલીટી ફોર્મમાં રીમાર્કસના ખાનામાં તારીખ અને ફી રસીદ નંબર અવશ્ય લખવાનાં રહેશે.
(૪) સ્પર્ધા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં નિયમો પ્રમાણે યોજાશે અને પંચનો નિર્ણય સર્વેને બંધનકર્તા રહેશે.
(૫) એક કોલેજ દીઠ પાંચ (૫) ભાઈઓ અને પાંચ (૫) બહેનો ભાગ લઈ શકશે.
(૬) દરેક ખેલાડીઓએ યોગ્ય ગણવેશ પહેરવો ફરજીયાત છે.
(૭) ટીમ સાથે કોચ તથા મેનેજરને ફરજીયાત આવવાનું રહેશે.
(૮) સ્પર્ધામાં આવનાર ટીમે રહેવા તથા જમવાની વ્યવસ્થા જે તે કોલેજે પોતાની રીતે કરવાની રહેશે.
(૯) ભાગ લેવા ઈચ્છતી ટીમોએ તા.૦૮/૦૧/૨૦૨૪ સુધીમાં નીચે આપેલા મોબાઈલ નંબર પર જાણ કરવી.
(૧૦) ભાઈઓ માટે સ્પર્ધાનું અંતર ૫૦ કિ.મી. અને બહેનો માટે ૨૫ કિ.મી. રહેશે.
(૧૧) દરેક હરીફે સાયકલ પોતાની લાવવાની રહેશે.જેમાં બન્ને બ્રેક હોવી ફરજીયાત છે. તેમજ હેલમેટ હિતાવહ તથા ફરજીયાત છે.
(૧૨) ભાગ લેનાર કોલેજે તા.૦૯/૦૧/૨૦૨૪ મંગળવારે સાંજે ૪–૦૦ કલાકે સ્પર્ધા સ્થળ પર હાજર રહેવું.

આપની કોલેજ ઉત્સાહથી આ સ્પર્ધામાં ભાગ લે તેવી અપેક્ષા સહ...

(પી.ટી.આઇ.)
પ્રા.પી.કે.રાઠોડ
૯૮૭૯૧૯૬૭૨૩

(પ્રિન્સિપાલશ્રી) 1/1/24
ડૉ. એમ.પી.તાળા

નકલ રવાના :–
(૧) કુલપતીશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.–જૂનાગઢ.
(૨) I/C શા.શી. નિયામકશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.–જૂનાગઢ.
(૩) આચાર્યશ્રીઓ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.–જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજો તથા વિવિધ ભવનો.
(૪) મુખ્ય હિસાબી અધિકારીશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.–જૂનાગઢ.